**ફોજદારી કેસ નં.૬૯/૨૦૨૧.**

**<u>આંક–૧ લગત હુકમ</u>**

(૧). સદર કામે કેસ રેકર્ડ જોતા, હાલનો કેસ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટસ એકટની કલમ–૧૩૮ મુજબનો છે. હાલના કેસના કામે ફરીયાદી તથા તેમના વિ.વ.શ્રી હાજર રહેતા નથી. હાલનો કેસ લાંબા સમયથી આ કામના આરોપીને સમંશ બજવા માટે પેન્ડિંગ છે.

(૨). આ કામે કેસ રેકર્ડ જોતાં, આ કામના આરોપીને અવાર નવાર સમંશ/વોરંટ ઈસ્યુ કરવામાં આવેલ છે, જે શેરા વંચાણે લેતાં, આરોપી દર્શાવેલ સરનામે અવાર નવાર તપાસ કરતા તથા આજુબાજુ પુંછપરછ કરતા મળી આવેલ નથી, તેમજ અવાર નવાર તપાસ કરતા આરોપી છેલ્લા ચાર વર્ષથી ઘરે આવેલ નથી, તેમજ છેલ્લા ત્રણેક વર્ષથી આરોપી તે સરનામે રહેતા ન હોવાનો અને હાલ કયાં રહે છે તેની ખબર નથી, તેમજ આ નામવાળી કોઈ વ્યકિત ગામમા રહેતી નથી, અને સાથે આરોપીના ઘરના વ્યકિતના નિવેદનો સામેલ રાખેલ છે જેમાં પણ તેઓ જણાવે છે કે આરોપી છેલ્લા પાંચેક વર્ષથી ઘરે આવેલ નથી અને હાલ કયાં રહે છે તેની ખબર નથી, તેવા અલગ અલગ શેરાથી વગર બજે પરત આવેલ છે.

(૩). ત્યારબાદ, આ કામે ફરીયાદીના વિ.વ.શ્રી તરફથી આરોપીનુ નવુ સરનામુ રજુ કરવા માટે આંક–૨૨ થી મુદત રીપોર્ટ રજુ કરતા તે મુદત રીપોર્ટ મંજુર કરવામાં આવેલ પરંતુ આરોપીનુ નવુ સરનામુ રજુ નહી કરતા આ કામે આ અદાલત તરફથી ફરીયાદીને હાજર રખાવવા માટે નોટીસ કરવામાં આવેલ જે મુદત તારીખ : ૧૮/૧૧/૨૦૨૫ ની હાજર રહેવા માટેની નોટીસ ફરીયાદીને બજી ગયેલ જે આ કામે રજુ છે. આમ, ફરીયાદીને નોટીસ બજી જવા છતાં હાજર રહેલ નહી તથા આ કામે ફરીયાદી ધ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નહી તેમજ આરોપીનુ નવુ સરનામુ રજુ કરવામાં આવેલ નથી. ત્યારબાદ, ફરીયાદીના વિ.વ.શ્રી તરફથી આરોપીનુ નવુ સરનામુ રજુ કરવા માટે આંક–૨૫, આંક–૨૬, આંક–૨૭, આંક–૨૮, આંક–૨૯ અને આંક–૩૦ થી મુદત રીપોર્ટ રજુ કરતા તે દરેક મુદત રીપોર્ટ લગત વિગતવાર હુકમ કરી ફરીયાદીને હાજર રાખવા તથા આરોપીનુ નવુ સરનામુ રજુ કરવા માટે ફરીયાદીને અંતિમ મુદત આપવામાં આવેલ. પરંતુ તેમ છતાં, આ કામે ફરીયાદી અત્રે અદાલત સમક્ષ હાજર રહેલ નથી તેમજ આરોપીનુ

નવુ સરનામુ રજુ કરેલ નથી.

(૪). વધુમાં, આ કામે રેકર્ડ જોતા ફરીયાદી હાલના કેસમા હાજર રહેતા નથી અને ફરીયાદીના વિ.વ.શ્રી છેલ્લે તા.૨૯/૦૧/૨૦૨૬ ના રોજ અત્રે અદાલત સમક્ષ હાજર રહેલ અને આંક–૩૦ નો મુદત રીપોર્ટ રજુ કરેલ, ત્યારબાદથી ફરીયાદીના વિ.વ.શ્રી હાજર રહેલ નથી કે કોઈ મુદત રીપોર્ટ રજુ રાખેલ નથી કે સદર ફરીયાદની કાર્યવાહી આગળ વધારવા માટેના કોઈ પ્રયત્ન કરેલ નથી.

(૫). આમ, હાથ ઉપરના કેસ તથા પ્રોસીડીંગ્સ ધ્યાને લેતાં, હાલનો કેસ સને ૨૦૨૧ નો અને નામદાર ગુજરાત હાઈકોર્ટના આદેશ અનુસાર ટારગેટેડ કેસોની કેટેગરીમા પડતો હોઈ અને ફરીયાદી સદર કેસ બાબત સારી રીતે માહીતગાર છે અને સદર કેસમા દરેક મુદતે નિયમીત હાજર રહી સદર કેસની કાર્યવાહી આગળ ચલાવવાની ફરજ ફરીયાદીની છે અને આ અદાલત ધ્વારા ફરીયાદીને હાજર રહી સદર કામે આગળ કાર્યવાહી કરવા માટે ફરીયાદીને વાજબી અને પુરતી તકો આપવામાં આવેલ હોવા છતાં, ફરીયાદી સતત ગેરહાજર રહેલ છે અને કોઈ કાર્યવાહી કરેલ નથી અને તે કારણે હાલનો કેસ ફરીયાદીની નિષ્કાળજીના કારણ વિલંબમાં પડેલ છે.

(૬). આજરોજ પણ ફરીયાદી તથા તેમના વિ.વ.શ્રીનો પોકાર કરાવવા છતાં તેઓ હાલના કેસના કામે હાજર રહેલ નથી કે કોઈ રીપોર્ટ રજુ રાખેલ નથી. આમ, આ હકીકતો ધ્યાને લેતાં, ફરીયાદીને સદર કેસ આગળ ચલાવવામાં કોઈ જ રસ નથી તેવું જણાય આવે છે, જેથી હાલના ફોજદારી કેસની કાર્યવાહી વધુ સમય માટે મુલતવી રાખવા માટે આ અદાલતને કોઈ કારણ જણાતું ન હોય જેથી સદર ફોજદારી કેસ ફરીયાદીની સતત લાંબા સમયની ગેરહાજરી અને સદર કેસની કાર્યવાહી આગળ ન ચલાવવાના કારણસર ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ ની કલમ–૨૫૬(૧) અન્વયે સદર કેસ ફેંસલ કરી, આ કામના આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વાજબી અને ન્યાયોચિત જણાતુ હોય, ન્યાયના હીતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક.કોર્ટ,**
**ભેંસાણ.**

**ફોજદારી કેસ નં.૬૯/૨૦૨૧.**
**આંક–૧ લગત હુકમ.**

**–: <u>હુકમ</u> :–**

હાલનો ફોજદારી કેસ નં.૬૯/૨૦૨૧ નો ફરીયાદીની સતત ગેરહાજરી અને ફરીયાદી તરફથી સદર કેસની કાર્યવાહી આગળ ન ચલાવવાના કારણસર ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ ની કલમ–૨૫૬(૧) અન્વયે ફેસલ કરવાનો તથા આ કામના આરોપીને નિદોર્ષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ મારી સહી કરી, ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, જાહેર કર્યો.

તા.૨૪/૦૩/૨૦૨૬.
મુ.ભેંસાણ.

(જીતેશ જયેશકુમાર મોદી)
જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક.,
ભેંસાણ.
(જજ કોડ નંબર–જી.જે.૦૧૩૯૧)